જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૧/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૫ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત/ છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૬/૧૭**

**એલીસબ્રીજઃ** પ્રિયંક મુકુંદભાઇ અગ્રવાલ (રહે. શિવગણેશ સોસાયટી ઝાયડસ હોસ્પિટલ પાસે થલતેજ) એ તા.૧૧/૧/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રાકેશભાઇ જોષી (રહે. શોભાકો કી ઘાની શહેર વોર્ડ-૦૯ જોધપુર રાજસ્થાન) ગુજરાત કોલેજ નજીક વોલસ્ટ્રીટ બિલ્ડીંગ-૨ બી-૮૦૬ ખાતેથી અલગ-અલગ જાતના મસાલા પાઉડર કિમત રૂપિયા ૬,૯૪,૮૪૦/- લઈ જઈ નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

**ખોટી ઓળખ આપી છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૭૭/૧૭**

**ચાંદખેડાઃ** પ્રફુલ્લાબહેન હરેશભાઈ (ઉ.વ.૫૩)(રહે.આદિત્ય ગ્રીન ફ્લેટ, સહજાનંદ સીટી બંગ્લોઝની સામે,ન્યુ.સી.જી.રોડ,ચાંદખેડા) એ તા.૧૧/૧/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧/૧૭ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ.સી.જી.રોડ સ્પંદન ફ્લેટ આગળથી પ્રફુલ્લાબહેન પસાર થઈ રહ્યા હતા ત્યારે (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) ત્રણ પુરૂષોએ પોલીસ તરીકે ઓળખ આપી પ્રફુલ્લાબહેનને કહ્યુ હતુ એ દાગીનાની ચોરી થાય છે જેથી પહેરેલ દાગીના કાઢીને મુકી દો, તેમ કહી પ્રફુલ્લાબહેન પાસેથી સોનાની ચેઇન અને વિંટી મળી કુલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મેળવી લઈ તેઓની પાસેના ડુપ્લીકેટ દાગીના આપી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કેફી પદાર્થ સુંઘાડી અર્ધ બેભાન કરી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૮/૧૭**

**મણીનગરઃ** હંસાબહેન ગૌતમભાઈ રાઠોડ (ઉ.વ.૪૫) (રહે.રણછોડપરાગની ચાલી, રાજપુર ગોમતીપુર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧/૧૭ બપોરના ૧/30 વાગ્યાના સુમારે મણીનગર કુમ-કુમ સ્કૂલ સામે (૨૦ વર્ષના આશરાના) બે પુરૂષોએ યુક્તિ-પ્રયુક્તિ કરી હંસાબહેનને કેફી પદાર્થ સુંઘાડી અર્ધ બેભાન કરી હંસાબહેનને પહેરેલ સોનાની બુટ્ટી નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૫,૦૦૦/- ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી એસ ખરાડી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૯/૧૭**

**વસ્ત્રાપુરઃ** શૈલેષભાઇ નારણભાઇ પટેલ (રહે.ગોપીકુંજ સોસાયટી, વિજયનગર રોડ, નારણપુરા) એ તા.૭/૧/૧૭ રાતના ૮/૦૦ વાગે સિંધુભવન રોડ સપ્તવિકાસ સ્કુલની સામે ગ્રીનઅર્થ લોન્ચ પાર્ટીપ્લોટ આગળ પોતાની હુન્ડાઇ કંપનીની સેન્ટ્રો કાર નંબર જીજે ૧ એચએફ ૫૦૨૫ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ શૈલેષભાઇ પટેલે તા.૧૧/૧/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એમ.એસ.બોદર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)